
# લગ્ન કંકોત્રીઓઃ જાયે તો જાયે કહાં

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

પેલુ ફિલ્મ ગીતમાં છે ને! “એક બરસ કે મૌસમ ચાર મૌસમ ચાર, પાંચવા મોસમ પ્યાર કા ઈન્તઝાર કા!’ આ ફિલ્મ ગીતમાં તો એક વર્ષની પાંચ મોસમ બતાવી છે પણ અહીં તો એક જ સમયગાળામાં પાંચ મોસમ ચાલી રહી છે. અત્યારની આ પાંચ મૌસમ એટલે ઉનાળો, મોન્સૂન (માવઠું), મેરેજ, મતદાન (ચૂંટણી) અને મેચ (IPL). માણસ એક મોસમ અનેક! આમ તો દરેક મોસમ માણસના આનંદ માટે હોય છે, પણ એક સાથે પાંચ પાંચ મોસમ ચાલી રહી હોય. એમાં માણસ બિચારો આનંદને ક્યાંથી પામે! એટલે માણસ અટવાયો છે પણ આ બધી મોસમમાં મેરેજની મોસમ એટલે કે લગ્નગાળો, આ એક એવો ગાળો છે કે જેમાં માણસને લગ્નમાં જવાનો ગાળો રહેતો નથી. તેથી કેટલાક અંગતને ત્યાં લગ્નમાં હાજરી નહીં આપી શકનારના ભાગમાં લગ્ન’ગાળો’ આવે છે.




વારે ઘડીએ માવઠાની આગાહીઓ થાય છે અને છૂટાછવાયા સ્થળે માવઠાનો વરસાદ વરસે છે અને માવઠું બંધ થાય ત્યાં કંકોત્રીઓનો વરસાદ ચાલુ થઈ જાય છે. માણસ બિચારો બે ઘડી I. P. L.ની મેચોમાં રનનો વરસાદ જોતો હોય (સાથોસાથ પોતે પણ ‘રમતો’ હોય.) પણ જેવી કંકોત્રી આવે એટલે એ બધું પડતું મૂકીને કંકોત્રીનો અભ્યાસ કરવો પડે છે. આમાં કેટલાકની કંકોત્રીઓ તો કમોસમી વરસાદ જેવી હોય છે, તો કેટલીક શો-કોઝ નોટિસ જેવી હોય કે ગયા વિના છૂટકો જ નહીં. ઘણી બધી કંકોત્રીઓ જોઈને માનવી મુંઝાઈ જાય કે ‘જાયે તો જાયે કહાં’વિચાર કરો કે આપણે કંકોત્રી માત્રથી આટલા મૂંઝાતા હોય તો પછી લગ્નમાં વરરાજા કેટલો મૂંઝાતો હશે. પણ ના, વરરાજા જરાય મૂંઝાતો નથી એણે તો નક્કી જ કર્યું હોય કે ‘યા હોમ કરીને પડો.!!’ (પછી નિરાંતે મૂંઝાઈશુ!)

લગ્ન કંકોત્રીઓના ત્રણ પ્રકાર પાડી શકાય. પ્રથમ પ્રકાર એટલે કે જેની કંકોત્રી હોય ત્યાં જવું જ પડે, હાજરી આપવી જ પડે અને હોજરી સંતુષ્ટ કરવી જ પડે. તે ‘A’ગ્રેડની કંકોત્રી ગણાય. બીજા પ્રકારની કંકોત્રીમાં ઘટનાસ્થળે જવાની જરૂર હોતી નથી. ઘેર બેઠા ચાંદલો મોકલાવી દઈએ એટલે પત્યું.તેમાં હાજરી કે હોજરી બેમાંથી એકેયનું મહાત્મ્ય નથી. તે ‘B’ગ્રેડની કંકોત્રી ગણાય. અને ત્રીજા પ્રકારની કંકોત્રીમાં તો મોકલનારનું નામ વાંચ્યા પછી આગળ વાંચવાની જરૂર જ હોતી નથી. તેને તો ફાડીને કચરા ટોપલીમાં નાખવામાં આવે છે. તે ‘C’ ગ્રેડની કંકોત્રી ગણાય. આવેલી કંકોત્રીઓનો થોકડો લઈને બેસીએ એટલે પ્રથમ નજરે તો એવું જ લાગે કે ‘આમને ત્યાં તો જવું જ પડશે.’ બધી જ કંકોત્રીઓ અનિવાર્ય લાગે અને તેમાંથી ઘણી બધી તો ખોટું લગાડવા માટે જ હોય છે. કંકોત્રી મેળવનારો એક વર્ગ એવો પણ હોય છે કે જે અમુકતમુક સગા સંબંધીને ત્યાં જવાની જરા પણ ઈચ્છા ધરાવતો નથી. છતાં પણ જો કંકોત્રી આવે તો કઈ રીતે છટકવું તેનું આગોતરું આયોજન કરે છે, પણ જો તેમને ત્યાં કંકોત્રી ન આવે તો યજમાન વાર કરવાનું ચૂકતા નથી. તરત જ કહેશે, “બસ, ભૂલી ગયા ને! અમને તો જીવતા જ મારી નાખ્યા ને!” એટલે ખરેખર જ્યાં સંબંધ નથી પણ માત્ર વહેવાર છે. ત્યાં ખાસ યાદ કરીને કંકોત્રીઓ ફટકારવી પડે છે. કારણ કે સામસામે બંને પક્ષ લાગ શોધતા હોય છે.

કેટલાકની કંકોત્રીઓમાં આપણને કંકોત્રી મોકલનારનો ચહેરો (બગડેલો, ઊતરેલો) દેખાતો હોય છે. તે કંકોત્રીઓ જાણે કે ‘તમે આવો તોય સારું, ન આવો તોય સારું’ એવું કહેતી હોય એમ લાગે. કારણ કે કંકોત્રી ભલે કેસર છાંટીને લખી હોય પણ મેળવનારને તેમાં અણગમાની વાસ આવતી હોય. કારણ કે જેમને ત્યાંથી કંકોત્રી આવી છે તેની સાથે આપણા સંબંધો કાંઈ જળકુંભીની જેમ જામ્યા હોતા નથી. તેઓ સગા હોય છે પણ જરાય વહાલા હોતા નથી. અને ત્યાં જઈએ તો કોઈ આપણી નોંધ પણ લેતું નથી. છતાં આ દેહને પરાણે ઘેરથી હંકારી જઈને તેના દરવાજે પહોંચીને આપણા બગડેલા ડાચાનું હસતાં મુખડામાં રૂપાંતર કરવું પડે છે. યજમાન પણ આપણને દૂરથી જુએ ત્યારે તેની સ્થિતિ પણ એ જ હોય છે. એટલે તે પણ તાત્કાલિક ધોરણે ચહેરા પર ભાવ પરિવર્તન લાવવાના ભગીરથ પ્રયત્નો આદરી દે છે. અને આપણે નજીક જઈએ એટલે એકદમ હસી પડે અને બોલે, ‘અરે તમારી જ રાહ જોતા’તા. કેમ અત્યાર સુધી દેખાયા નહીં! આવો.. આવો.. આવો!’ સામાન્ય રીતે એક જ વાર મરતાં મરતાં ‘આવો’ બોલતા હોય. તેને બદલે પાંચ છ વાર બોલી જાય. પછી હાથ મિલાવીને, બોદો આવકારો આપી, તે પોતાનામાં ખોવાઈ જાય. પણ જો ન જઈએ તો તે મહાશય જ્યારે ને ત્યારે જાતજાતના ટોણા મારતા બોલે, “તમે તો બહુ મોટા માણસ થઈ ગયા હો! હવે અમે ધ્યાનમાં ન આવીએ. હશે ભાઈ, હવે તમારી પાસે ટાઈમ ક્યાંથી હોય, ઠીક છે! ક્યારેક આ બાજુ ભૂલા પડજો.”ખાસ કરીને જેને આપણા પ્રત્યે ખાસ લાગણી હોતી નથી તે લોકોને ત્યાં ન જઈએ તો તેઓ અચૂક શબદના બાણ મારે જ અને જઈએ તો કોઈ ધડો ન કરે. એટલે આપણે મુશ્કેલીમાં મુકાઈ જઈએ કે આને ત્યાં જવું કે ન જવું! જેમને ખરેખર લાગણી હોય તે લોકો તો પરિસ્થિતિ સમજી શકતા હોય છે તેથી તેઓ બિનજરૂરી વાણી વિલાસ કરતા નથી. આવા લોકોને ‘સગા’ કહેવાય અને પેલાને ‘સંબંધી’ કહેવાય. સંબંધો બદલાતા રહે છે પણ સાચા સગપણ બદલાતા નથી. પણ હવે સગાઓની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે અને વહેવાર વધતો જાય છે.

કંકોત્રીઓમાં લખ્યું હોય તે મુજબ સગા સંબંધીઓ મિત્રો લગ્નમાં આવે એટલે ‘શોભામાં અભિવૃદ્ધિ’ થઈ ગણાય. પણ કેટલાક ધનનંદોને આ પ્રકારની અભિવૃદ્ધિથી સંતોષ થતો નથી. તેઓ ‘શોભામાં અતિવૃદ્ધિ’ કરવા માંગતા હોય છે. એટલે તેઓ ફિલ્મસ્ટાર્સ કે ક્રિકેટર્સ જેવી સેલિબ્રિટી તરફ નજર દોડાવે છે અને ફિલ્મસ્ટાર્સ, ક્રિકેટર્સ જેવી સેલિબ્રિટીઝને પકડી લાવે છે. આ બધી સેલિબ્રિટિઝના ચાર્જ સેલિસીલિક એસિડ જેવા હોય છે. તેઓ અડધો પોણો કલાક રોકાવાના અમુક કરોડ રૂપિયા ખંખેરી, સૌ સાથે ફોટા પડાવી, થોડી ઊછળકૂદ કરી રવાના થઈ જાય છે, પણ વટ તો આવા તમાશાથી જ પડે ને! આવો વટ પાડવાથી જ લોકોને ખાતરી થાય કે ફલાણાશેઠ હવે ખરેખર ‘વટ’ વૃક્ષ બની ચૂક્યા છે. પછી ત્યાં પધારેલા મહેમાનો તો પોતે કોના લગ્નમાં ગયા હતા તે આખી વાત જ ભુલી જાય. તેમને પેલા ફિલ્મ સ્ટાર જ યાદ રહે છે.

**માણસ એક મોસમ અનેક! આમ તો દરેક મોસમ માણસના આનંદ માટે હોય છે, પણ એક સાથે પાંચ પાંચ મોસમ ચાલી રહી હોય. એમાં માણસ બિચારો આનંદને ક્યાંથી પામે!**

પહેલા તો સંયુક્ત કુટુંબમાં ઘણા સભ્યો હતા પણ અત્યારે છૂટાછવાયા એકલા કુટુંબોમાં માંડ બે કે ચાર સભ્યો હોય છે. એક જ દિવસે, એક જ સમયે ચાર પાંચ જગ્યાએ લગ્નમાં હાજરી આપવી પડે તેમ હોય ત્યારે કટોકટી સર્જાય છે. આપણે કાંઈ ભગવાનની જેમ આપણા બે ત્રણ સ્વરૂપ ધારણ કરવાની લીલા કરી શકતા નથી. (જો કે એ પણ સારું છે.) આપણી ભક્તિ તો મોગરાછાપ અગરબત્તી એ જ સમાપ્ત થતી હોવાથી નરસિંહ મહેતાની જેમ ભગવાન આપણા વતી આપણું સ્વરૂપ લઈને આપણા પ્રસંગો પાર પાડતા નથી. આવા સમયે આપણે કુટુંબના કિશોરવયના બાળકોને પણ અમુક જગ્યાએ લગ્નમાં હાજરી આપવા મોકલવા પડે છે. તેમાંય વળી છન્નુકાકા જેવા છટકેલ મગજવાળાને ત્યાં આપણે જ જવું પડે ત્યાં છોકરાને મોકલીએ તો છન્નુકાકા છોકરાને જાહેરમાં ઉધડા લઈ નાખે કે ‘કેમ લ્યા, તારા બાપને ટાઈમ નથી! તારો બાપ બહુ મોટી તોપ થઈ ગિયો છે! મારા બેટા એ વેંત એકના પોઈરાને ઢકેલી કાઈઢો.’ છન્નુકાકાથી ફફડીને આપણે છોકરાને બદલે આપણા મજબૂત પ્રતિનિધિ તરીકે પત્નીને મોકલીએ તો પણ છન્નુકાકા બખાળા કાઢ્યા વિના ન રહે. આઠ દશ માણસો સાંભળે એમ આપણી પત્નીની હાજરીમાં જ આપણને ફોન કરે, “કેમ લ્યા, આ તારા ઘરમાં બધા જ વેવાર બૈરા જ કરટાં છે! તન જાતે ઘર બાર નીકલતા કાંટા વાગતા છે.”ત્યારે કહેવાનું મન થાય કે કાકા આ તમે બોલો છો તેમાં જ કાંટા વાગે છે. આપણા પ્રતિનિધિ તરીકે પત્ની વાયા બ્યુટી પાર્લર થઈને સોળ શણગાર સજીને (ભૂલ ચૂક લેવી દેવી) છન્નુકાકા ને ત્યાં શોભામાં અભિવૃદ્ધિ કરવા પહોંચે છે. પણ છન્નુકાકાના બખાળા સાંભળીને તેનો ફ્યુઝ ઉડી જાય. છન્નુકાકા એ તેની સામે જ બખાળા કાઢ્યા હોય તેથી તે બહારથી ઠંડી પણ અંદરથી બટાટાવડા જેવી ગરમ હોય અને તે બધી જ દાઝ ઘેર આવીને આપણા પર કાઢતા બોલે કે તમે મને ત્યાં શા માટે મોકલી!? જવા જેવું બીજું કોઈ ઠેકાણું નહોતું તે આવા ખડૂસ ને ત્યાં મોકલી! મારો દિવસ બગાડ્યો, ખબરદાર જો હવે પછી મને એ છનિયાને ત્યાં જવાનું કહ્યું છે તો. વળી છન્નુકાકાને ત્યાં આપણે એકલા જ જઈએ તો કાકા આપણને તતડાવે, “કેમ લ્યા ધોયલા મૂરા જેવો નીકરી આઈવો! બૈરા છોકરાને હાથે(સાથે) લવાય ને. આમ છન્નુકાકાઓને કોઈ રીતે પહોંચી શકાતું નથી. પણ લગ્ન ગાળામાં બધી જગ્યાએ વહેવાર સાચવવાની, બધા જ વડીલોને, મિત્રોને સાચવવાની કવાયત ન કરવી પણ શરીર સાચવવું અને ઘર સાચવવું. બાકી વહેવાર ‘ને તહેવાર તો આવેને જાય અને ગમે તેટલું કરો તો ય ‘...કુછ તો લોગ કહેંગે.’

## ગરમાગરમ

જો તમારે ઘેર છાપું આવતું હોય અને છાપાના એક આખા પાના પર સાડીઓની કલરફુલ આકર્ષક એડવર્ટાઈઝ હોય અને સ્કીમમાં લખ્યું હોય કે આજે જ ખરીદો અને 50% બચાવો, 50% નો જબ્બદસ્ત ફાયદો મેળવો.

પણ જો તમારે 100% નો ફાયદો મેળવવો હોય તો તે પાનું જ ફાડી નાખો.